## કીમના ગોવિંદનગર પાસે ગેસ લાઈનમાં લીકેજ



કિરણ ઢોડિયા

**ગટર** લાઈનની કામગીરી દરમિયાન બનેલી ઘટના

કીમઃ ઓલપાડના કીમ ગામે મંગળવારે 3 વાગ્યા આસપાસ ગોવિંદનગર બહાર ગટર લાઈનની કામગીરી દરમિયાન ખોદકામ કરતી વેળા ગેસ પાઈપલાઈનને નુકસાન પહોંચતાં ગેસ લીકેજની ઘટના બની હતી. ઘટનાની જાણ થતાં જ ગેસ કંપની દ્વારા સુરક્ષાના પગલાંરૂપે તાત્કાલિક ગેસ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો.

લીકેજની ગંભીરતા જોતાં ગેસ કંપનીની ટેકનિકલ ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને પાઈપલાઈનની રિપેરિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. સદનસીબે સમયસર પગલાં લેવાતાં કોઈ જાનહાનિ કે મોટી દુર્ઘટના ટળી હતી. સ્થાનિકોમાં થોડો સમય ભયનો માહોલ જોવા મળ્યો હતો, પરંતુ હાલ પરિસ્થિતિ નિયંત્રણમાં હોવાનું ગેસ કંપની દ્વારા જણાવાયું છે. રિપેરિંગ પૂર્ણ થયા બાદ પુરવઠો ફરી શરૂ કરવામાં આવશે તેવી માહિતી આપવામાં આવી છે.

## વ્યારામાં ક્રિકેટનો સટ્ટો રમતાં એક ઝડપાયો

વ્યારાઃ તાપી એલસીબી અને પેરોલ ફ્લો સ્ક્વોડે બાતમીના આધારે વ્યારામાં જનક ત્રણ રસ્તા પાસે જાહેરમાં ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટો રમતાં આશીષ રતિલાલ શાહ (ઉ.વ.48) (રહે.,ફ્લેટ નં.703, સિદ્ધ શીલા એપાર્ટમેન્ટ, કાનપુરા, તા.વ્યારા) ને ઝડપી લીધો હતો. જ્યારે અન્ય 5 આરોપીને પકડવા કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે બાઈક, મોબાઈલ અને રોકડા રૂપિયા 1890 સહિત કુલ રૂ.36890નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# નર્મદા પરિક્રમાવાસીઓની દહેજ પાસે જીવના જોખમે અવરજવર

**પાણીની** તીવ્ર અછતથી બોટ અને જેટી વચ્ચે 7-8 ફૂટનું અંતર ઊભું થયું, આખરે લાકડાનું પાટિયું મૂકીને શ્રદ્ધાળુઓ જવા માટે મજબૂર



ભરૂચઃ દહેજ વિસ્તારમાં નર્મદા પરિક્રમાવાસીઓને જટિલ સમસ્યાનો સામનો કરવો પડે છે. નર્મદા નદીમાં પાણીની અછતને કારણે બોટ જેટી સુધી પહોંચી શકતી નથી, જેના કારણે પરિક્રમાવાસીઓને જીવના જોખમે અવરજવર કરાઈ રહી છે.

પરિક્રમાવાસીઓ દક્ષિણ તટ પરના શ્રી રેવા સંગમ તીર્થધામ વમલેશ્વરથી હોડી દ્વારા નદી પાર કરીને ઉત્તર તટે આવેલા મીઠીતલાઈ ખાતે ઊતરે છે. હાલમાં તેઓ બે બોટ વચ્ચે 7-8 ફૂટ જેટલું અંતર રહી જતાં લાકડાનું પાટિયું મૂકીને જોખમી રીતે પસાર થવું પડે છે. ઉત્તર કાંઠે આવેલી નર્મદા પરિક્રમાની જેટી આગળ આશરે 10થી 15 ફૂટ જેટલું પુરાણ થઈ ગયું છે. જેથી મોટી ટ્રોલર બોટને તરવા માટે જરૂરી 6થી 8 ફૂટ ઊંડાઈ ઉપલબ્ધ રહેતી નથી.

ખાસ કરીને પખવાડિયાના આઠમથી બારસ સુધી દિવસ દરમિયાન નદીમાં પાણી ઓછું રહે છે, ત્યારે આ સમસ્યા વધુ વિકટ બને છે. ગત વર્ષની તુલનામાં આ વર્ષે પુરાણ વધવાથી સ્થિતિ વધુ ખરાબ થઈ છે. ચાલુ વર્ષે અત્યાર સુધી 4થી 5 વખત આવી ઘટનાઓ બની છે.

### આ બાબતે મેરિટાઇમ બોર્ડને રજૂઆત કરી છેઃ વાગરા મામલતદાર

વાગરા મામલતદાર મીનાબેન પટેલે જણાવ્યું હતું કે, અમને ગઈકાલે જાણ થઈ છે, જેથી આ બાબતે અમે મેરિટાઇમ બોર્ડને રજૂઆત કરી છે કે જો આવી કોઈ તકલીફ જણાય તો આ બોટ સંચાલકોને તેમની જેટી પર ઊતરવા દેવા માટે પરવાનગી આપે.

### ખાડીની ઊંડાઇ વધારવા હોડી સંચાલકોની માંગ

આ મુદ્દે હોડી ઘાટના સંચાલકો દ્વારા તંત્ર સમક્ષ વારંવાર રજૂઆત કરવામાં આવી છે. સંચાલકોની માંગ છે કે, પરિક્રમાની જેટી આગળ તાત્કાલિક ડ્રેજિંગ કરીને ખાડીની ઊંડાઈ વધારવામાં આવે, જેથી મોટી બોટો સીધી કિનારે લગાડી શકાય. જ્યાં સુધી ડ્રેજિંગ ન થાય ત્યાં સુધી વચગાળાના વિકલ્પરૂપે રો-રો ફેરીની જેટી પર બોટ લંગારવાની કાયમી મંજૂરી આપવાની પણ માંગ ઊઠી છે. જો વહેલી તકે યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો નર્મદા પરિક્રમાવાસીઓ માટે આ માર્ગ વધુ જોખમી બનવાની ભીતિ સેવાઈ રહી છે. હોડી ઘાટ અંગે સંચાલક સંકેત પટેલે વેદના ઠાલવી હતી કે, હાલમાં પરિક્રમાવાસીઓનો ઘણો ધસારો હોય છે. દહેજ તરફ આવેલી જેટી ખાતે ઊંડાઈ ઓછી હોવાના કારણે તેમને નીચે ઊતરવાની ઘણી જ તકલીફો પડે છે. જેથી અમે ત્રણથી ચાર વખતે તંત્રમાં રજૂઆતો કરી છે કે આ જેટી નજીક ડ્રેજિંગ કરીને તેને ઊંડી બનાવાય અથવા જ્યાં રો-રો ફેરી સર્વિસ ચાલતી હતી ત્યાં પરિક્રમાવાસીઓને ઉતારવા માટેની વ્યવસ્થા કરવામાં આવે એવી માંગ છે.

# બારડોલી એજ્યુ. સોસા.ના પ્રમુખ અને મંત્રીના વહીવટ પર પાબંધી

**મુદત પૂર્ણ,** રિઝર્વ્ડ સભ્યોને તમામ વહીવટની સોંપણી કરવામાં આવી

બારડોલીઃ બારડોલી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ અને મંત્રીને તેમની મુદત પૂર્ણ થઈ ગઈ હોય સુરતના સંયુક્ત ચેરિટી કમિશનરે વચગાળાના હુકમ દ્વારા વહીવટ કરવા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. જ્યારે સાત રિઝર્વ સભ્યોને સંસ્થાના વહીવટની તમામ જવાબદારી સોંપી છે. ટ્રસ્ટ સંચાલિત બી.એ.બી.એસ. હાઈસ્કૂલ સુરત જિલ્લાની સૌથી જૂની શાળાઓમાંથી એક છે.

બારડોલી એજ્યુકેશન સોસાયટી સંચાલિત બીએબીએસ હાઈસ્કૂલના વહીવટને લઈને છેલ્લા ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. સંસ્થાના અન્ય ટ્રસ્ટીઓ દેવર્ષી જોશી અને અજય અધ્વર્યુ સામે વિવાદને લઈને પ્રમુખ તેમજ મંત્રી દ્વારા એક પત્ર દ્વારા તેમને ટ્રસ્ટી પદેથી હટાવી દેવાની જાહેરાત કરવામાં આવી હતી. જેને લઈને વિવાદ વધુ વકર્યો હતો. દરમિયાન વર્તમાન પ્રમુખ હસમુખભાઈ મગનભાઈ પટેલ અને મંત્રી વ્યોમ ભાસ્કર પાઠક દ્વારા મનસ્વી રીતે વહીવટ કરવા, સત્તાનો દુરુપયોગ કરવા તેમજ ગેરરીતિઓ આચરવામાં આવતી હોવાના આક્ષેપો સાથે ટ્રસ્ટના રિઝર્વ સભ્યો સનતભાઈ દેવશંકર વ્યાસ અને કાર્તિકેય મહેન્દ્ર અધ્વર્યુ દ્વારા ચેરિટી સુરતના સંયુક્ત કમિશનરની કચેરીમાં અરજી કરવામાં આવી હતી. આ અરજી સંદર્ભે ચેરિટી સંયુક્ત કમિશનર દ્વારા સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં તેમણે વકીલો અને અરજદારની રજૂઆતોને ધ્યાનમાં રાખી અરજદારોના પક્ષમાં હુકમ આપ્યો હતો. કમિશનરે વ્યોમ ભાસ્કર પાઠક અને હસમુખભાઈ પટેલ પાસેથી સત્તા આંચકી લેતો હુકમ આપ્યો હતો. તેમણે બંનેને સૂચના આપી હતી કે, તેમણે આ ટ્રસ્ટને લગતી કોઈપણ બાબતમાં કોઈપણ એજન્ડા બહાર પાડવા નહીં કે કોઈ ઠરાવ કરવા નહીં. એટલું જ નહીં સાત રિઝર્વ સભ્યો અજય અધ્વર્યુ, દેવર્ષી જોશી, જય પ્રકાશ અધ્વર્યુ, સનત વ્યાસ, મેઘલ ભટ્ટ, કાર્તિકેય અધ્વર્યુ અને સ્નેહલ પાઠકને ટ્રસ્ટની સામાન્ય સભા બોલાવી બંધારણ મુજબ ચૂંટણી અંગેની કાર્યવાહી કરવાની છૂટ આપી હતી. અને જ્યાં સુધી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ન થાય તેમજ ટ્રસ્ટના બંધારણ મુજબ નવા ટ્રસ્ટીઓની નિમણૂક ન થાય ત્યાં સુધી ટ્રસ્ટનો તમામ વહીવટ જેમાં નાણાકીય અને બેન્કનો વહીવટ સાંભળવા માટે પણ છૂટ આપી હતી. આ ઉપરાંત વ્યોમ પાઠક અને હસમુખભાઈ મગનભાઈ પટેલને ઉપરોક્ત સાત રિઝર્વ સભ્યોને ટ્રસ્ટનો વહીવટ કરતાં કે એજન્ડા અને ઠરાવ કરતાં અટકાવવા નહીં તેમજ સામાન્ય સભા બોલાવતા કે ચૂંટણી કાર્યવાહીમાં પણ અડચણરૂપ ન બનવા સ્પષ્ટ સૂચના આપી હતી. હવે આ કેસ ને લઈને આગામી સુનાવણી 23 જાન્યુઆરી-2026ના રોજ હાથ ધરવામાં આવનાર છે.

### આ હુકમ અમને માન્ય નથીઃ વ્યોમ પાઠક

આ અંગે મંત્રી વ્યોમ પાઠકે જણાવ્યું હતું કે, આ હુકમ અમને માન્ય નથી. આગામી દિવસોમાં અમે આ હુકમને પડકારતી અરજી કરીશું.



# ઝઘડિયા નજીક ટેમ્પો પલટી મારી જતાં 30 શ્રમિક ઘાયલ

**ત્રણની** હાલત ગંભીર, હોસ્પિટલ ખસેડાયા

ઝઘડિયાઃ ઝઘડિયા GIDCમાં શ્રમિકોને લઈ જતો ટેમ્પો પલટી ખાઈ જતાં 30 શ્રમિક ઈજાગ્રસ્ત થવાની ઘટના સામે આવી છે. જ્યારે ત્રણ શ્રમિકની હાલત ગંભીર હોવાની વિગતો સાંપડી છે. ટેમ્પો ચાલકે વળાંક પાસે કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પોલીસે ઘટના સ્થળે પહોંચીને વધુ કાર્યવાહી હાથ ધરી છે

ગત મોડી રાત્રે ઝઘડિયા GIDCમાં આરતી કંપનીમાંથી કોન્ટ્રાક્ટ પર કામ કરતા શ્રમિકો ભરેલો ટેમ્પો અચાનક પલટી મારી ગયો હતો. બ્લેક રોઝ કંપની પાસેના વળાંક નજીક ટેમ્પોના ડ્રાઈવરે કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં 30 શ્રમિક ઈજાગ્રસ્ત થયા છે. જ્યારે ત્રણ શ્રમિકની હાલત વધુ ગંભીર હોવાની વિગતો સાંપડી રહી છે. તમામ શ્રમિકોને અંકલેશ્વર ખાતેની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અકસ્માતના બનાવને લઈને વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ચલથાણમાં બે વીજ થાંભલા જમીનદોસ્ત

પલસાણાઃ પલસાણાના ચલથાણ ગામે આવેલી ખુમાનસિંહની વાડીમાં જાંબુનું ઝાડ કાપવાની કામગીરી ચાલી રહી હતી. ત્યારે અકસ્માતે ઝાડ વીજ લાઇન પર પડ્યું હતું. આના કારણે વીજ લાઇન પરનું દબાણ એટલું વધી ગયું કે બે સિમેન્ટના વીજ થાંભલા જમીનદોસ્ત થઈ ગયા હતા.આ પૈકીનો એક વીજ થાંભલો નજીકમાં ઊભેલી રિક્ષા નં.( GJ 19 WB 3694 ) પર પડ્યો હતો, જેના કારણે રિક્ષાને મોટું નુકસાન થયું હતું. અકસ્માત થતાં જ આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તાત્કાલિક DGVCLને જાણ કરવામાં આવી હતી. DGVCL દ્વારા ત્વરિત પગલાં લઈને વીજ પુરવઠો બંધ કરી દેવાયો હતો. સમયસર વીજ પુરવઠો બંધ થઈ જવાથી કોઈ જાનહાનિ થઈ નહોતી અને એક મોટી દુર્ઘટના ટળી હતી. જો કે, રિક્ષાના માલિકને મોટું આર્થિક નુકસાન થયું છે.

### કઠોર નાગરિક મંડળીમાંથી લીધેલા ધિરાણના ચેક રિટર્ન કેસમાં સભાસદને સાદી કેદની સજા

કામરેજઃ કઠોર ગામે આવેલી કઠોર વિભાગ નાગરિક બચત અને ધિરાણ સહકારી મંડળીના સભાસદ મોહમદ ઈલ્યાસ અબ્દુલ કાદેર શેખ ( રહે.,મુસ્લિમ સ્ટ્રીટ, કઠોર )એ મંડળીમાંથી ગત તા.31-9-2019ના રૂ.80000નું ધિરાણ 11 ટકાના વ્યાજ દરે જાતજામીનથી લીધું હતું. ધિરાણની રકમ માસિક હપ્તેથી 11 ટકા વ્યાજ સાથે આપવાનું તેમજ હપ્તા નિયમિત ભરપાઈ ન થાય તો મંડળીના 3 ટકા દંડનીય વ્યાજ લેવાની શરતે ધિરાણ લીધું હતું. પરંતુ મોહમદ ઈલ્યાસ હપ્તા ન ભરી શકતાં મંડળીમાં આપેલા યુનિયન બેંક ઓફ ઈન્ડિયાનો કઠોર શાખાનો ચેક બેંકમાં નાંખતા બેલેન્સ ન હોવાને લઈ ચેક રિટર્ન જતાં મંડળીના મેનેજરે મંડળીના વકીલ દ્વારા મોહમદ ઈલ્યાસને નોટિસ મોકલવામાં આવી હતી. છતાં પણ મંડળીના રૂપિયા ન ભરપાઈ કરતાં આખરે મંડળીના મેનેજર કઠોર કોર્ટમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 મુજબનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જે કઠોર કોર્ટના એડિ.જ્યુડિ. મેજિસ્ટ્રેટ પ્રખર શર્માની કોર્ટમાં ચાલી જતાં મંડળીના વકીલ અમિષ ઠક્કરે ધારદાર રજૂઆતો કરતાં આરોપી મોહમદ ઈલ્યાસ અબ્દુલ કાદેર શેખને તકસીરવાન ઠેરવી એક વર્ષની સાદી કેદનો હુકમ કરવામાં આવ્યો હતો. મંડળીને વળતરની રકમ પેટે રૂ.80,000 ન ચૂકવે તો વધુ છ માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો હતો.

### બારડોલી જનતા કો.ઓ. ક્રેડિટ સોસાયટીની ચૂંટણીમાં તમામ ઉમેદવારો બિનહરીફ



બારડોલી : બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટીએ તા.૨૮-૧૧-૨૦૨૫ના રોજ જાહેરનામું બહાર પાડી ૧૪ સામાન્ય સીટ, ૨ સ્ત્રી અનામત અને એસ.સી/એસ.ટી. પૈકી ૧ મળી કુલ ૧૭ સભ્યોની જગ્યા માટે ચૂંટણી જાહેર કરી હતી. આ માટે ઉપર અનામત પ્રમાણે ચૂંટણી કાર્યક્રમ મુજબ તા.૩-૧૨-૨૦૨૫થી તા.૬-૧૨-૨૦૨૫ દરમિયાન કુલ ૧૭ ઉમેદવારે જ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. અન્ય કોઇ ઉમેદવારી ન થતાં તમામ ઉમેદવારોને ચૂંટણી અધિકારી ટી.જે.મૈસુરીયાએ સને ૨૦૨૫થી ૨૦૩૦ સુધી પાંચ વર્ષ માટે વ્યવસ્થાપક કમિટીના સભ્યો તરીકે બિનહરીફ જાહેર કર્યા હતા. સંસ્થાના પ્રમુખ નિરંજન માનાજી મિસ્ત્રીએ હાલ કુલ ૧૧૦ કરોડ થાપણ અને ૭૦ કરોડ ધિરાણ મળી કુલ ૧૭૦ કરોડનો બિઝનેસ કરતી આ સંસ્થાનું સુકાન આગામી પાંચ વર્ષ માટે સોંપવા બદલ તમામ સભાસદ ભાઇ-બહેનો, અન્ય સહકારી સંસ્થાના હોદ્દેદારો, સહકારી આગેવાનો અને શુભેચ્છકોનો આભાર વ્યક્ત કર્યો હતો. ચૂંટણીનાં પરિણામ બાદ મળનાર પ્રથમ વ્યવસ્થાપક કમિટીની મિટિંગમાં પ્રમુખ તરીકે નિરંજન માનાજી મિસ્ત્રી, ઉપપ્રમુખ તરીકે મનીષભાઇ સી પટેલ, માનદમંત્રી તરીકે જગદીશભાઇ હિરાભાઇ પટેલ તથા સહમંત્રી તરીકે નિલેશભાઇ ગુપ્તાની આગામી પાંચ વર્ષ માટે બિનહરીફ સર્વાનુમતે નિમણૂક કરવામાં આવી હતી.

### ત્રાંકલના આચાર્ય પીએચ.ડી. થયા



આમોદઃ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા ત્રાંકલના ઇનચાર્જ પ્રિન્સિપાલ જયંતીભાઈ મુકેશભાઈ રાઠોડે અંકલેશ્વરની ઠાકોરભાઈ પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના પૂર્વ પ્રિન્સિપાલ કે.એસ.ચાવડાના માર્ગદર્શન હેઠળ આમોદ તાલુકાના સંદર્ભમાં લઘુમતી સમાજની સામાજિક-આર્થિક પરિસ્થિતિમાં સરકારની યોજનાના ફાળાનું વિશ્લેષણ વિષય ઉપર મહા સંશોધન કર્યું હતું. જેને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી.ની ડિગ્રી આપી હતી.


Milano MULTIPLEX
બારડોલી
Kis Kisko pyaar karoon 2
11:50pm, 06:45pm, 10:00pm
Akhanda 2 : 02:00pm
Dhurandhar
10:00am, 01:00pm, 02:45pm, 06:00pm, 09:00pm, 09:30pm
Laalo-krishna Sada Sahayate- Gujarati
10:30am, 05:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333


## અંકલેશ્વરમાં નિયમોનું પાલન નહીં કરતાં 504 લારીગલ્લાવાળાને નોટિસ



**ગંદકી,** પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા 115 ઈસમ પાસે દંડ વસૂલાયો

ભરૂચ, અંકલેશ્વરઃ અંકલેશ્વર નગરપાલિકા ટીમે જુદા જુદા વિસ્તારના 504 દુકાનદાર-લારી ધારકો, પાથરણાવાળાઓને નગરપાલિકા અધિનિયમ હેઠળ નોટિસો ફટકારી દીધી છે.દુકાનદારોને દુકાનની આજુબાજુ ગંદકી ન કરવા અને ફરજિયાત ડસ્ટબિન રાખવા માટે તેમજ 120 માઈક્રોનથી પાતળી પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા તાકીદ કરી છે. જો નોટિસ આપ્યા બાદ દુકાનદારો કે લારીવાળા આપેલી સૂચનાઓનું પાલન કરે તો નગરપાલિકાના સેનિટેશન સુપરવાઈઝર દ્વારા દંડ વસૂલવામાં આવશે.

મંગળવારે અંકલેશ્વર નગરપાલિકા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા આઠ ઈસમ પાસે રૂ.1000 અને ગંદકી કરતા સાત ઈસમો પાસેથી રૂ.2300 વસૂલ કરવામાં આવેલ છે. એમ કુલ રૂ. ૩,300 દંડ વસૂલ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, અંકલેશ્વર નગરપાલિકા દ્વારા તા.1 ડિસેમ્બરથી 16મી ડિસેમ્બર 2025 સુધી પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા 64 ઈસમ પાસેથી દંડ રૂ.14,700 વસૂલ કરીને 57.500 કિલો ગ્રામ પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કર્યો હતો. તેમજ ગંદકી કરતા 51 ઈસમ પાસેથી રૂ.15,650 દંડ વસૂલ કર્યો છે. કુલ 115 ઈસમ પાસેથી કુલ રૂ.30,350 સ્થળ ઉપર દંડ વસૂલ કરાયો છે.

## માંડવીના ગામતળાવ બુજરંગ ગામે દીપડાએ ગાયને ફાડી ખાધી



હિતેશ પટેલ

માંડવીઃ માંડવી-કીમ રોડ પર ગામતળાવ બુજરંગ ગામે રહેતા ખેડૂત અને પશુપાલક કુણાલ રમેશભાઈ પટેલના ઘરના વાડામાં કોઢારમાં બાંધેલી ગાય પર રાત્રે 11 :30 વાગ્યાના આસપાસ દીપડાએ હુમલો કરતા ગાયનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું.

બનાવ અંગે જાણ કરાતાં વન વિભાગે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી સરવેની કામગીરી કરી હતી અને દીપાડાને ઝબ્બે કરવા મારણ સાથે પાંજરું ગોઠવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે, કે કેટલાક વિસ્તારોમાં દીપડા રહેણાંક વિસ્તારમાં આવી પહોંચતા ગ્રામજનો તથા ખેડૂતો ખેતરે જતા ડરી રહ્યા છે, તેમજ પશુપાલકોમાં ભયનો માહોલ ફેલાયો છે.

## નિઝરમાં સરકારી નોકરી છતાં ખાનગી ક્લિનિક ચલાવનારો સસ્પેન્ડ



કુકરમુંડાઃ નિઝરમાં સરકારી નોકરી છતાં ખાનગી ક્લિનિક ચલાવનારાને સસ્પેન્ડ કરાયો હતો. નિઝરના રૂમકી તળાવ ગામે મેઈન બજારમાં શિવજી મંદિર સામે સરકારી આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા કર્મચારી રસિકભાઈ કમાજીભાઈ વસાવા (ઉ.વ.42) (રહે.,પાટીબંધારા, બસ સ્ટેશન ફળિયું, તા.ઉચ્છલ) દ્વારા ખાનગી ક્લિનિક ચલાવી લોકોનાં આરોગ્ય સાથે ચેડાં કરાતાં તા.22/11/2025ના રોજ એસઓજીએ કાર્યવાહી કરી વધુ તપાસ માટે તેને નિઝર પોલીસને સોંપ્યો હતો. આરોપી રસિક રાયગઢના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં MPHW (મલ્ટિપર્પઝ હેલ્થ વર્કર) સુપરવાઈઝર તરીકે સરકારી ફરજ બજાવતો હતો. આથી ગત સોમવારે ફરજ પરથી મોકૂફ કરાયો હતો.

## સુરતના 4 શખ્સ વિરુદ્ધ સાયબર ફ્રોડનો ગુનો

સાયણઃ ઓલપાડના કુદિયાણાની બીઓબીમાં ખાતું ખોલાવી અવિનાશ પટેલ (રહે., કમેલા દરવાજા), સંજય સોનાણી, જતીન ડોબરિયા (બંને રહે., સરથાણા જકાતનાકા), અનિશ વાડદોરીયાએ સાયબર ફ્રોડની કુલ રૂ.૧૭,૦૦,૧૧૨ રકમ સગેવગે કરવા ટ્રાન્ઝેક્શન કરતાં ઓલપાડ પોલીસે ચારેય શખ્સ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૪૨૩/૨૦૨૫
તા.૧૯/૧૧/૨૦૨૫

વાદી :- દર્શનાબેન ઈશ્વરભાઈ વસાવા, રહે.દેવગઢ, ટેકરા ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૪૪૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી માલ્યા ગૃપ ગ્રામ પંચાયત, તા.માંડવી, જી.સુરત

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી દર્શનાબેન ઈશ્વરભાઈ વસાવા, રહે. દેવગઢ, ટેકરા ફળિયું, તા.માંડવી, જી.સુરત-૩૯૪૪૪૦એ તેઓના પોતે દર્શનાબેન ઈશ્વરભાઈ વસાવાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામઃ દર્શનાબેન ઈશ્વરભાઈ વસાવા ૨. જન્મ તારીખઃ ૦૧/૦૬/૧૯૯૭ ૩. જન્મનું સ્થળઃ મોજે.ધજ, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે દર્શનાબેન ઈશ્વરભાઈ વસાવાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૯/૧૨/૨૦૨૫ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત


